GJGN020117772025

દાખલ તારીખ: ૧૬/૦૯/૨૦૨૫
નોંધ્યા તારીખ: ૧૬/૦૯/૨૦૨૫
નિર્ણય તારીખ: ૧૩/૦૮/૨૦૨૬
સમયગાળો : ૦૦ વર્ષ:૧૦ માસ:૨૮ દિવસ

ગાંધીનગર જિલ્લાના મહે. ત્રીજા એડિશનલ સિવિલ જજ એન્ડ જે. એમ. એફ.સી. , સાહેબની કોર્ટમાં,જી. ગાંધીનગર મુકામ: ગાંધીનગર.

શ્રી વિનતી હિરાલાલ.

ફોજ.કેસ નં. ૬૨૨૧/૨૦૨૫

આંક–

ફરિયાદી :– **જશવંત શનાભાઇ પરમાર**
ઉ.વ.આ. ૪૮ વર્ષ ,ધંધો– વકીલાત,
રહે. બી/૩૧, મૂલચંદ પાર્ક સોસાયટી,
જી.ઇ.બી. રોડ, પેથાપુર, ગાંધીનગર.

વિરૂધ્ધ

આરોપી :–**પરમાર કોમલબેન અશ્વીનભાઇ**
રહે. ૧૭, નિરંજન નગર સોસાયટી,
સિવિલ હોસ્પિટલ રોડ, કલાપીનગર,
અમદાવાદ–૩૮૦૦૧૬

ગુનો:– ધી નેગોશીયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ મુજબ

****

ફરિયાદ પક્ષે : વિ.વ.શ્રી બી. પી. સુરતી
આરોપી તરફે : વિ.વ.શ્રી પી. એચ. દવે

****

-:ચુકાદો:-

(૧)...આ કામના ફરિયાદીએ નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ ૧૩૮ હેઠળ હાલની ફરિયાદ કરેલ છે. તે ફરિયાદની ટુંકી હકીકત નીચે મુજબ છે:

ફરિયાદીએ જણાવેલ કે, ફરિયાદી ઉપરોક્ત દર્શાવેલ સરનામે રહે છે. ફરિયાદી વકીલાતનો વ્યવસાય કરી તેઓનુ તથા તેઓના પરિવારનું ભરણ-પોષણ કરતા આવેલ છે. આ કામના આરોપી ઉપરોકત દર્શાવેલ સરનામે તેઓના પરિવાર સાથે રહેતા આવેલ છે. તેમજ આ કામના આરોપી શેરબજારનો ધંધો કરતા આવેલ છે અને તેઓના પતિ એરફોર્સમાં નોકરી કરતા આવેલ છે તેમજ આ કામના આરોપી ફરિયાદીના બહેન હંસાબેન મેસરીયાના પડોશી તથા ફરિયાદીના ભાણી દિવ્યાબેન મેસરીયાના મિત્ર થતાં હોઈ તથા તેઓના બહેનના ઘરે વારંવારની અવર-જવર કરતા હોઈ જે નાતે ફરિયાદી આરોપીને તેઓની બહેનના પડોશી તથા ભાણીના મિત્રના નાતે તથા એકજ સમાજના હોવાને નાતે સારી રીતે ઘણાં વર્ષોથી ઓળખતા આવેલ છીએ. તેમજ આ કામના આરોપી ફરિયાદીની ભાણીના મિત્ર થતાં હોઈ ફરિયાદીને પણ આરોપી પણ મામા તરીકે સંબોધતા આવેલ છે. ફરિયાદી તેઓના બહેનના ઘરે વારંવાર અવર-જવર કરતા હોઈ તથા આરોપી ફરિયાદીની ભાણીના બહેનપણી થતાં હોઈ આરોપી પણ ફરિયાદીના બહેનના ઘરે વારંવાર અવર-જવર કરતા હોઇ આરોપી ફરિયાદીને મામા તરીકે સંબોધતા આવેલ છે. આ કામના આરોપીને પોતાના અંગત કામ-કાજ અર્થે રૂપિયા ૩,૦૦,૦૦૦/- નાણાંની જરૂરિયાત ઉપસ્થિત થતાં આરોપીએ ફરિયાદીના ભાણીને જણાવેલ કે," મારે હાલમાં રૂપિયા ૩,૦૦,૦૦૦/- ની જરૂર છે તો તું જગવંત મામાને જણાવીને મને ૩ માસ માટે રૂપિયા ૩,૦૦,૦૦૦/- અપાવીશ." તે સમયે ફરિયાદીના ભાણીએ જણાવેલ કે," જો તારે જરૂર હોય તો તું જ મામા પાસે માંગી લે." જેથી, આરોપીએ ફરિયાદીને ફોન કરેલ અને જણાવેલ કે," મામા મારે અરજન્ટ રૂપિયા ૩,૦૦,૦૦૦/- ની જરૂર છે તમે મને આપશો?" તે સમયે ફરિયાદીના ભાણી પણ આરોપીની સાથે હાજર હતા અને આરોપીએ તે રકમ ૩ માસમાં પરત આપવા જણાવેલ હતું. તે સમયે ફરિયાદી પાસે તેઓના ચાલતા કેસોની અસીલો પાસેથી ફ્રી આવેલ હોય તેઓની પાસે રૂપિયા ૩,૦૦,૦૦૦/- રોકડની વ્યવસ્થા હોઈ ફરિયાદીએ આરોપીને તેઓને તેઓની જરૂરિયાતના નાણાંની તૈયારી દર્શાવેલ હતી. તે સમયે ફરિયાદીએ આરોપીને જણાવેલ કે,"હું તમને વગર વ્યાજે રૂપિયા ૩,૦૦,૦૦૦/-હાથઉછીના આપું પરંતુ આપે તે સામે મને હાથ ઉછીના નાણાંનો કરાર કરી આપવાનો રહેશે તથા એક ચેક મને આ રૂપિયા ૩,૦૦,૦૦૦/- ની રકમ સામેનો આપવાનો રહેશે." આ કામના આરોપીને ફરિયાદીએ જણાવેલ શરતોને કબુલ મંજુર રાખતા તારીખ ૨૮/૦૩/૨૦૨૪ ના રોજ ફરિયાદીએ તેઓની બહેનના ઘરે અમદાવાદ મુકામે રૂપિયા ૩,૦૦,૦૦૦/- રોકડા લઈને ગયેલ હતાં. જે રકમ આ કામના

આરોપીએ ગણીને લીધા બાદ આરોપીએ તેઓના ઓળખીતા નોટરી સાહેબને ત્યાં તેઓએ તૈયાર કરાવેલ “હાથ ઉછીના રૂપિયા આપ્યા અંગેનો કરાર” ડોકયુમેન્ટમાં સહીમત્તા કરાવવા ફરિયાદીને તથા તેઓના ભાણીને લઈને ગયેલ હતાં. જયાં નોટરી સાહેબ પાસે રહેલ તૈયાર કરારમાં રકમ અને ચેકની વિગતો લખીને ડોક્યુમેન્ટ તૈયાર કરીને ફરિયાદીને આપેલ હતો. જે સમયે પણ આ કામના આરોપીએ ફરિયાદી પાસેથી લીધેલ હાથ ઉછીની કાયદેસરની રકમ રૂપિયા ૩,૦૦,૦૦૦/– ત્રણ માસમાં પરત આપી દેવા જણાવેલ હતું. આ કામના આરોપીએ આપેલ સમય વિતવા છતાં આરીપીએ ફરિયાદીના કાયદેસરના લેણાં રૂપિયા ૩,૦૦,૦૦૦/– પરત ન ચુકવતા ફરિયાદી તેઓના બહેનના ઘરે ગયેલ અને આરોપીને ત્યાં બોલાવેલ હતાં તે સમયે આરોપીએ જણાવેલ કે," મારા નાણાં આગળ ફસાયેલા છે જે હજી સુધી આવ્યા નથી જેવા આવશે એવા તુરંત હું તમને આપી દઈશ.” તેવું આસ્વાસન આપેલ હતું. તે વાતને પણ સમય વિતવા છતાં આરોપીએ ફરિયાદીના નાણાં પરત ન કરતા ફરિયાદીએ આરોપીનો ટેલીફોનીક સંપર્ક કરેલ હતો પરંતુ આરોપીએ ફરિયાદીને યોગ્ય પ્રતિયુત્તર આપેલ નહિં. જેથી, ગત હોળીના આગલા દિવસે ફરિયાદી અમદાવાદ મુકામે ગયેલ તે સમયે ફરિયાદી આરોપી સાથે કરેલ કરાર તથા આરોપીએ આપેલ કોરો ચેક લઇને ગયેલ હતાં. તે સમયે આરોપીને ફરિયાદીએ તેઓના બહેનના ઘરે બોલાવેલ હતાં. તે સમયે આરોપી તેઓના બહેનના ઘરે આવેલ તે સમયે આરોપીએ જણાવેલ કે," મામા મારા નાણાં આ મહીનામાં જ આવી જશે એટલે તમે ચેક ભરી દેજો." તે સમયે ફરિયાદી ચેક સાથે લાવેલ હોઈ આરોપીને જણાવેલ કે," લો આમા તમામ વિગતો ભરીને આપો" તો આ કામના આરોપી તે ચેક લઈને તેઓના ઘરે ગયેલ અને લગભગ ૨૦ મીનીટ બાદ આરોપી તે કેનેરા બેંક, નરોડા રોડા શાખા, અમદાવાદ ના ખાતા નંબર ૧૧૦૦૩૯૩૨૫૬૩૪ ના ચેક નંબર ૭૨૮૭૮૨ તારીખ ૧૨/૦૩/૨૦૨૫ રકમ રૂપિયા ૩,૦૦,૦૦૦/– વાળા ચેકમાં તમામ વિગતો ભરીને લઈને આવેલ અને અમો ફરિયાદીને જણાવેલ કે," મામા ચેકમાં મે આજની તારીખ લખાવી દીધેલી છે પરંતુ હું તમને કહું તે તારીખે આ ચેક તમારા ખાતામાં ભરશો તો ચોકકસપણે તમારા કાયદેસરના લેણાં તમને પ્રાપ્ત થઈ જશે અને હું ત્યાં સુધીમાં આ રકમની મારા ખાતામાં વ્યવસ્થા પણ કરી રાખીશ." જેથી,ફરિયાદીએ આરોપીએ આપેલ ભરોસો અને વિશ્વાસથી આપેલ ચેક લઈને પરત તેઓના ઘરે આવી ગયેલ હતાં. આ કામના આરોપીએ આપેલ પાકા ભરોસા અને વિશ્વાસથી આપેલ ચેક તેઓએ જણાવેલ તારીખ ૧૯/૦૩/૨૦૨૫ ના રોજ ફરિયાદીની એચ.ડી.એફ.સી.બેંક, સેકટર–૧૬, ગાંધીનગર શાખા ના એકાઉન્ટ નંબર ૦૧૯૦૧૦૦૦૦૧૭૯૬૫ માં સ્વિકરાવવા નાંખતા સદર ચેક તારીખ ૨૦/૦૩/૨૦૨૫ ના રોજ “**Funds Insufficient**" ના શેરા સાથે પરત ફરેલ. ચેક પરત ફરતા ફરિયાદીએ આરોપીનો ટેલિફોન દ્વારા સંપર્ક કરતા આરોપીએ ઘણાં દિવસો સુધી ફરિયાદીનો

ફોન ઉપાડેલ નહિ અને જયારે ફરિયાદીનો ફોન ઉપાડેલ તે સમયે એક મામા તરીકે ફરિયાદીને સંબોધતા હતા તે વ્યકિત સાથે ન છાજે તેવું બેહૂદુ વર્તન કરેલ અને કટુંવચનો બોલેલા અને ફરિયાદીના કાયદેસરના લેણાં નીકળતાં નાણાં ડુબાડવાના હેતુસર “મારી પાસે તમને આપવા કોઈ પૈસા નથી તમારે જે કરવું હોય તે કરો” તેમ જણાવેલ. આવા શબ્દો સાંભળીને ફરિયાદીને માનસીક ઝાટકો લાગેલ હતો.આમ, સદર ચેક પરત ફરતા ફરીયાદીએ તેઓના વકીલ શ્રી ભાવેશ પી. સુરતી મારફતે તારીખ ૧૫/૦૪/૨૦૨૫ ના રોજ રજીસ્ટર્ડ પોસ્ટ એડી. દ્વારા આરોપીના ઉપરોકત સરનામે નોટીસ મોકલી આપેલ. જે નોટીસ સદર કામના આરોપીના ઉપરોકત સરનામે તારીખ ૧૬/૦૪/૨૦૨૫ ના રોજ આરોપીને બજી ગયેલ છે. આરોપીએ નોટીસ મળતા તેઓનો સંપર્ક કરેલ અને જણાવેલ કે," હું તમને તમારા કાયદેસરના લેણાં નાણાં રૂપિયા ૩,૦૦,૦૦૦/–૧૫ દિવસમાં આપી જઉં છું" તેમ જણાવવા છતાં આ કામના આરોપીએ આજદિન સુધી ફરીયાદીના કાયદેસરના લેણાં નીકળતા નાણાં ચુકવી આપેલ નથી તેમજ ફરિયાદીએ તેઓના વકીલશ્રી મારફતે મોકલાવેલ નોટીસનો સમય મર્યાદામાં કોઈ પ્રતિયુત્તર આપેલ નથી અને તેઓના કાયદેસરના લેણાં નિકળતાં નાણાં પરત પણ કરેલ નથી. જેને પરીણામે આપ નામદાર કોર્ટ સમક્ષ સમય માર્યદામાં આ ફરીયાદ દાખલ કરવાની જરૂરિયાત ઉપસ્થિત થયેલ છે.

(૨)...ફરિયાદીની હાલની ફરિયાદ અત્રેની કોર્ટમાં દાખલ કરવામાં આવેલ અને અત્રેની કોર્ટને આરોપી સામે **બી.એન.એસ.એસ. કલમ–૨૨૭** મુજબ સમન્સ ઇશ્યુ કરવાનો હુકમ કરેલ.

(૩)... સદરહુ ફરિયાદનુ રેકર્ડ તથા રોજકામ ધ્યાને લેતા આરોપીને પ્રોસેસની બજવણી થઇ જતા અને આરોપી તેમના વિ.વ.શ્રી મારફતે હાજર થતા આરોપીને ફરિયાદ તથા તેની સાથે ફરિયાદીએ રજુ કરેલા દસ્તાવેજોની નકલો પુરી પાડવામાં આવેલ છે.

વધુમાં, અત્રેની કોર્ટમાં મારા પુરોગામી ન્યાયાધીશ શ્રી દ્વારા **બી.એન.એસ.એસ. કલમ–૨૭૪** ની જોગવાઇ મુજબ આરોપીનો **આંક–૦૭** થી જવાબ(પ્લી) નોંધવામાં આવેલ અને તેમાં આરોપીએ ગુનો કબુલ ન રાખતા, સદરહુ ફરિયાદનું કામ , ફરિયાદપક્ષના પુરાવા ઉપર મુલત્વી રાખવામાં આવેલ.

(૪)...ફરિયાદપક્ષે પોતાના કેસ પૂરવાર કરવાના સમર્થનમાં નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરે છે.

મૌખિક દસ્તાવેજી લિસ્ટ:

અનુ.નં	**દસ્તાવેજની વિગત**	**આંક**
૧	ફરિયાદી **જશવંત શનાભાઈ પરમાર નું** લેખિત જુબાની નું સોગંદનામું	૦૪

લેખિત દસ્તાવેજી લિસ્ટ:

અનુ.નં	**દસ્તાવેજની વિગત**	**આંક**
૧.	આરોપીએ ફરિયાદીને આપેલ કેનેરા બેંક, નરોડા રોડ શાખા, અમદાવાદ ના ખાતા નંબર ૧૧૦૦૩૯૩૨૫૬૩૪ ના ચેક નંબર ૭૨૮૭૮૨ તારીખ ૧૨/૦૩/૨૦૨૫ રકમ રૂપિયા ૩,૦૦,૦૦૦/- નો અસલ ચેક	૧૨
૨.	ચેક રિટર્ન મેમો	૧૩
૩.	ડિમાન્ડ નોટિસ	૧૪
૪.	આરપીએડી સ્લીપ	૧૫
૫.	એક્નોલેજમેન્ટ સ્લીપ	૧૬
૬.	ટ્રેક કંસાઇન્મેન્ટ	૧૭
૭.	હાથ ઉછીના રૂપિયા આપ્યા અંગેનો કરાર	૧૮
૮.	ચેક ડિપોઝિટ સ્લીપ	૧૯

(૫)... ત્યારબાદ ફરિયાદ પક્ષ દ્વારા **આંક-૨૧** થી ઉલટ તપાસનો હક્ક બંધ કરવામાં આવેલ.ત્યારબાદ ફરિયાદ પક્ષ દ્વારા **આંક-૨૨** થી ક્લોઝિંગ પુરસીસ રજૂ રાખતા ફરિયાદ પક્ષનું પુરાવો પૂર્ણ થયાનુ જાહેર કરેલ છે.ત્યારબાદ ફરિયાદ પક્ષ દ્વારા **આંક-૨૩** થી આરોપીનો વિશેષ નિવેદનનો હક્ક બંધ કરવામાં આવેલ.

(૬)... સદર કામે ફરિયાદી દ્વારા રજુ કરવામાં આવેલ પુરાવા પરથી ન્યાય નિર્ણય અર્થે નીચે મુજબના **મુદ્દાઓ** ઉપસ્થિત થયેલ છે.

(૧). શું ફરિયાદી નિ:શંકપણે પૂરવાર કરે છે કે, આરોપીએ રૂ.૩,૦૦,૦૦૦/- ના વિવાદિત ચેક કાયદેસરના લેણાં કે જવાબદારી પેટે આપેલ હતો અને તે "**Funds Insufficient** "ના કારણે પરત ફરતા કાયદાકીય જોગવાઈ મુજબ તારીખ ૧૫/૦૪/૨૦૨૫ ના રોજ ડિમાન્ડ નોટિસ આરોપીને બજાવવામાં આવેલ હતી અને તેમ છતાં આરોપીએ નિયત સમયમર્યાદામાં રકમ ચૂકવેલ ન હોય નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ ૧૩૮ મુજબનો ગુનો કરેલ છે?

(૨). શું હુકમ?

(૭)... ઉપરોક્ત મુદ્દાઓ સંબંધી મારા નિર્ણયો નીચે મુજબ છે.
૧. હકારમાં,
૨. આખરી હુકમ મુજબ.

મુદા નં.૧ ની ચર્ચા

(૮).. સદર કામે રજુ થયેલ પુરાવાની ચર્ચા કરતા પહેલાં કાયદાકીય હકીકત જોઈએ તો ફરીયાદપક્ષે ધી નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબની હકીકત નિ:શંકપણે પુરવાર કરવાની રહેછે.આ તબકકે નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટની એકટની કલમ -૧૩૮ ધ્યાને લેવી જરૂરી જણાય છે જે નીચે મુજબ છે.

<u>ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ ના આવશ્યક તત્વો :-</u>

૧) આરોપીએ તેમના દવારા લખવામાં આવેલ ખાતામાંથી ફરીયાદીને નાણાં ચુકવવા ચેક આપેલ.

૨) આરોપીએ ફરીયાદીને આપેલ ચેક સમગ્ર અથવા અંશત: દેવા માટેની જવાબદારી અદા કરવા માટે આપેલ હતો.

૩) ચેક જે તારીખે લખ્યો તે તારીખથી ત્રણ(૩) માસની અંદર સમય મર્યાદામાં અથવા વેલીડીટી પીરીયડ બંનેમાંથી જે વહેલા તે સમયમર્યાદામાં રજુ કરવામાં આવેલ છે.

૪) તે ચેક આરોપીના ખાતામાં અપુરતા ભંડોળના કારણે પરત ફરેલ છે.

૫) ચેક પરત થયાની માહિતી મળ્યા બાદ ફરીયાદીએ નાણાની માંગણી લેખિતમાં કરેલ હતી.

૬) તેઓને નોટીસ મળી ગયેલ હોવા છતાં ચેકના નાણા સમય મર્યાદામાં ચૂકવી આપેલ નથી.

વધુમાં નામદાર વડી અદાલતે Arpana A. Shah v. Sheth Developers Pvt. Ltd., 2013 (8) ACC 71, Para-13, માં ધી નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટ ની કલમ ૧૩૮ ના તત્વો નીચે મુજબ જણાવેલ છે.

Essential ingredients of Section 138 of the Negotiable Instruments Act:

1.The person must have drawn a cheque on an account maintained by him for payment to another person for the discharge, in whole or in part, of any debt or other liability.
2.The cheque must have been issued for the discharge of a legally enforceable debt or liability.
3.The cheque must be presented to the bank within three months from the date on which it is drawn or within its validity period, whichever is earlier.
4.The cheque must be returned unpaid due to insufficiency of funds or the account being closed, etc.
5.A written demand notice must be issued to the drawer of the cheque within thirty days from receiving information from the bank regarding the return of the cheque as unpaid.

The drawer of the cheque fails to make payment of the cheque amount to the payee or holder in due course within fifteen days of the receipt of the said notice.

– ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટના કાયદા મુજબ અદાલતે બે અનુમાન કરવાના રહેશે, જેમાં પ્રથમ અનુમાન કલમ–૧૧૮ અન્વયે તથા બીજુ અનુમાન કલમ–૧૩૯ અન્વયે કરવાનું રહેશે.

<u>ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૧૮ ધ્યાને લઈએ તો :–</u>

કલમ–૧૧૮ – વટાઉખત વિશે માની લેવાની બાબત...

એથી વિરૂધ્ધનું સાબિત ન થાય ત્યાં સુધી નીચે પ્રમાણે માની લેવામાં આવશે.

ક) દરેક વટાઉખત અવેજને માટે કરી આપ્યું અથવા લખી આપ્યુ હતુ અને આવુ દરેક ખત જયારે તે સ્વીકારવામાં આવ્યુ હોય તો તેના ઉપર શેરો કરી આપવામાં આવ્યો હોત તે વટાવવામાં આવ્યુ હોય તે વટાવવામાં આવ્યુ હોય અથવા તબદીલ કરવામાં આવ્યુ હોય તે અવેજને માટે સ્વીકાર્યુ હતુ તેના ઉપર શેરો કરી આપ્યો હોય તે વટાવ્યુ હતુ અથવા તબદીલ કર્યુ હતુ.

ખ) **<u>તારીખ વિશે :–</u>**

જેના ઉપર તારીખ હોય તેવુ દરેક વટાઉખત તે તારીખે કરી આપ્યુ અથવા લખી આપ્યુ હતુ.

ગ) **<u>સ્વીકારવાના સમય વિશે :–</u>**

સ્વીકારાયેલુ દરેક વિનિમયપત્ર તેની તારીખ પછી અને તે પાકયાની તારીખપહેલા વ્યાજબી સમયમાં સ્વીકારવામાં આવ્યુ હતુ.

ઘ) **<u>તબદીલના સમય વિશે :–</u>**

કોઈ વટાઉખતની દરેક તબદીલ તે ખત પાકવાની તારીખ પહેલાં થઈ હતી.

ચ) **<u>શેરાઓના ક્રમ વિશે :–</u>**

ખોવાઈ ગયેલી પ્રોમીસરી નોટ, વિનિમયપત્ર અથવા ચેક ઉપર રીતસર સ્ટેમ્પ લગાડેલો હતો.

જ) **<u>ધારક યથાક્રમ ધારક છે એમ માની લેવા વિશે :–</u>**

કોઈ વટાઉખતનો ધારક યથાક્રમ ધારક છે. પરંતુ જયારે તે ખત તેના કાયદેસરના માલીક પાસેથી અથવા તેનો કાયદેસરનો હવાલો ધરાવતી વ્યકિત પાસેથી કોઈ ગુનો કરીને અથવા કપટથી મેળવવામાં આવ્યુ હોય અથવા તે ખત કરી આપનાર અથવા સ્વિકારનાર પાસેથી કોઈ ગુનો કરીને અથવા કપટથી અથવા ગેરકાયદેસર અવેજને બદલે મેળવવામાં આવ્યું હોય ત્યારે તે ખતનો ધારક પોતે યથાક્રમે ધારક છે એમ સાબિત કરવાનો બોજો તેના ઉપર છે.

<u>કલમ–૧૩૯ – ચેકના ધારણકર્તાની તરફેણમાં અનુમાન :–</u>

વિરૂઘ્ધની હકીકત સાબીત ન થાય ત્યાં સુધી એવું માનવામાંઆવશે કે તે ચેક ધારણ કરનારે તે ચેક કલમ–૧૩૯ માં દર્શાવ્યા મુજબ કોઈ દેવાના અથવા અન્ય જવાબદારીના પુરેપુરા અથવા તેના કોઈ ભાગમાંથી બોજ મુકત થવાના બદલામાં તે ચેક મેળવ્યો હશે. પાછો ફરેલ ચેક વર્તમાન લેણાનો કે જવાબદારી પુરી કરવા માટેનો હતો પરંતુ અનુમાન કરીને દેવા પરત્વેનો ન હતો તે ચેક આપનાર ઉપર છે.

(૯).. ધી નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટ કલમ –૧૩૯ અનુસાર આરોપી ધ્વારા ફરીયાદીને ચેક કાયદેસરના લેણાં પેટે આપવામાં આવેલ હોય તે અંગેનું અનુમાન ફરીયાદીના પક્ષમાં હોય છે. અને આ અનુમાનું ખંડન કરવા અં ગે સાબિતીનો બોજો ચેક લખી આપનાર પર હોય છે.

(૧૦). સદરહુ ફરીયાદના કામમાં ઉપરોકત પેરેગ્રાફમાં જણાવેલ હકીકતે ધીનેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ કલમ–૧૧૮ તથા કલમ–૧૩૯ માં જણાવેલ અનુમાનો ફરીયાદીની તરફેણમાં આવેલ હોવાથી હાલ ની ફરીયાદના કામમાં બંને પક્ષકારો ધ્વારા રજુ થયેલ પુરાવાની મુલવણી કરીને એ નકકી કરવાનું રહે કે, શું આરોપીપક્ષ તેઓના બચાવ આધારે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ કલમ–૧૧૮ તથા કલમ–૧૩૯ ના અનુમાનોનું ખંડન થઈ શકે તેટલો ચુસ્ત વિશ્વાસપાત્ર, ભરોસાપાત્ર, માનવાપાત્ર તથા પ્રિપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટી જેટલો પુરાવો રેકર્ડ પર લાવી શકેલ છે કે નહીં ?

(૧૧)...(**A**) **M/s Prajapati Oil Industries v. State of Gujarat,** 2004 (1) **GLH** 365 (**Gujarat High Court**)

The Hon'ble Gujarat High Court held that once the execution of the cheque is admitted or proved, the statutory presumption under Sections 118(a) and 139 of the Negotiable Instruments Act immediately comes into operation that the cheque was issued for consideration and in discharge of a legally enforceable debt or liability. The burden thereafter shifts upon the accused to rebut the said presumption by leading probable evidence. A mere denial of liability is insufficient to displace the statutory presumption.

(B)Bharat Barrel & Drum Manufacturing Co. Ltd. v. Amin Chand Pyarelal, (1999) 3 SCC 35

The Hon'ble Supreme Court held that once the execution of a negotiable instrument is admitted, a presumption of consideration arises under Section 118(a) of the Negotiable Instruments Act. The defendant can rebut the presumption by raising a probable defence on the touchstone of preponderance of probabilities, either through direct evidence or from the circumstances appearing on record. However, a bare denial of consideration does not constitute a probable defence and is not sufficient to shift the burden back upon the complainant.

(C) K.N. Beena v. Muniyappan, (2001) 8 SCC 458

The Hon'ble Supreme Court held that in a prosecution under Section 138 of the Negotiable Instruments Act, once the issuance of the cheque is admitted, the Court is bound to draw the statutory presumptions under Sections 118 and 139 of the Act. The burden of proving that the cheque was not issued towards any legally enforceable debt or liability lies upon the accused. Mere denial in the reply or statement of defence is not sufficient. Unless the accused rebuts the statutory presumption by leading cogent evidence, the complainant is entitled to the benefit of the presumption.

(D)Hiten P. Dalal v. Bratindranath Banerjee, (2001) 6 **SCC** 16

The Hon'ble Supreme Court held that the presumptions under Sections 118(a) and 139 of the Negotiable Instruments Act are mandatory presumptions of law and not merely presumptions of fact. Once the foundational facts are established, the Court has no discretion but to raise the statutory presumption in favour of the holder of the cheque. The accused may rebut the presumption by proving a probable defence; however, such rebuttal need not be beyond reasonable doubt and may be established on the standard of preponderance of probabilities.

(E) Krishna Janardhan Bhat v. Dattatraya G. Hegde, (2008) 4 **SCC** 54

The Hon'ble Supreme Court observed that although Section 139 raises a statutory presumption in favour of the holder of the cheque, the existence of a legally enforceable debt is not an irrebuttable presumption. The accused is not required to enter the witness box and may rebut the statutory presumption by relying upon the materials brought on record by the complainant or by establishing a probable defence from the circumstances of the case. The standard of proof required for rebuttal is that of preponderance of probabilities and not proof beyond reasonable doubt.

(૧૨).. આમ, ઉપરોક્ત ન્યાયનિર્ણયો દ્વારા પ્રતિપાદિત કાયદાના સિદ્ધાંતોને ધ્યાનમાં લેતા સ્પષ્ટ થાય છે કે, એકવાર ચેકની સહી તથા તેના ઇશ્યૂ કરવાની હકીકત સ્વીકારવામાં આવે અથવા સાબિત થાય, ત્યારબાદ નેગોશિએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૧૮(અ) તથા કલમ–૧૩૯ હેઠળ ફરિયાદીના પક્ષમાં કાયદેસરનું અનુમાન ઊભું થાય છે કે ચેક કાયદેસર વસૂલપાત્ર દેવું અથવા અન્ય જવાબદારીના નિર્વાહ માટે જ આપવામાં આવેલ છે. આવા અનુમાનનું ખંડન કરવાનો ભાર આરોપી ઉપર રહે છે. આરોપીને પોતાના બચાવને નિઃશંકપણે સાબિત કરવાની આવશ્યકતા નથી, પરંતુ માત્ર **'પ્રિપોન્ડરન્સ ઓફ પ્રોબેબિલિટીઝ'** ના ધોરણે સંભવિત બચાવ રજૂ કરવાનો હોય છે. આ માટે આરોપી સ્વતંત્ર પુરાવો રજૂ કરી શકે છે અથવા ફરિયાદી દ્વારા રજૂ કરાયેલા પુરાવા તથા રેકોર્ડ પર ઉપલબ્ધ સંજોગોમાંથી પણ અનુમાનનું ખંડન કરી શકે છે. પરંતુ માત્ર કોરો ઇનકાર, મૌખિક દલીલો અથવા આધારવિહોણો બચાવ કાયદેસરના અનુમાનને ખંડિત કરવા માટે પૂરતા ગણાતા નથી. જો આરોપી સંભવિત બચાવ રજૂ કરવામાં નિષ્ફળ જાય તો ફરિયાદીના પક્ષમાં રહેલું કાયદેસરનું અનુમાન યથાવત્ રહે છે અને ફરિયાદી તે અનુમાનનો લાભ મેળવવા હકદાર બને છે. તેથી હાલના કેસના પુરાવાઓનું મૂલ્યાંકન પણ ઉપરોક્ત કાયદાકીય સિદ્ધાંતોના પ્રકાશમાં કરવાનું રહે છે.

(૧૩).. હાલના કામે ફરીયાદપક્ષની દલીલો તથા ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની જોગવાઈઓ તથા ઉપર જણાવેલ પેરેગ્રાફમાં જણાવેલ નામદાર વડી અદાલતના ચુકાદાઓમાં જણાવેલ સિધ્ધાંતો ધ્યાને લઈને, સદરહુ ફરીયાદના કામે રજુ થયેલ પુરાવાની મુલવણી મુદા નં.૧ ના ન્યાય નિર્ણય માટે કરતા નીચે મુજબની હકીકતો ફલીત થાય છે. આ કેસમાં **આંક–૦૪** થી ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ કલમ–૧૪૫ માં જણાવેલ જોગવાઈ અન્વયે સોગંદનામાના સ્વરૂપમાં ફરીયાદીનો પુરાવો રજુ કરેલ છે. આ કામે ફરીયાદીએ પોતાની ફરીયાદના સમર્થનમાં **આંક –૧૨ થી આંક – ૧૯** સુધીના પુરાવા રજુ કરેલ છે.

આંક–૦૪ ના ફરીયાદીનો સરતપાસનું સોંદગનામું તથા દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતા આ કામે રજુ ચેક"**Funds Insufficient**" ના શેરા સાથે પરત આવેલ છે.

(૧૪).. સદરહુ ફરીયાદના કામે આરોપી તરફે ફરીયાદીની **આંક–૦૪** ની સોગંદ ઉપરની જુબાની રજુ થયેલ છે જેની આરોપીપક્ષ દવારા ઉલટતપાસ કરવામાં આવેલ નથી અને આરોપીની ઉલટતપાસનો હકક બંધ થયેલ છે. આરોપીપક્ષ દવારા ફરીયાદીની ઉલટતપાસ લીધેલ ન હોય, જેથી ફરીયાદીએ આટલી મોટી રકમ આરોપીને આપેલ તે કયાંથી આવેલ, તે રકમ આપવા સક્ષમ હતા કે કેમ તે રેકર્ડ પર લાવવા પ્રયત્ન કરેલ નથી. જયારે ફરીયાદીએ આરોપીને નાણા ચુકવેલ હોય, આરોપીને ફરીયાદી તરફથી નાણા મળેલ હોવાનુ રેકર્ડ પર પુરવાર થાય છે જેથી ફરીયાદીએ આરોપી પ્રત્યેનું લેણુ હોવાનુ પ્રથમ દર્શનીય રીતે જાણી શકાય છે.

(૧૫)..હાલના કામે ફરીયાદીએ રેકર્ડ ઉપર **આંક–૦૪** થી સરતપાસનુ સોગંદનામુ રજુ રાખી ફરીયાદવાળી હકીકતને સમર્થન આપેલ છે તેમજ **આંક– ૧૨** થી વાદગ્રસ્ત ચેક રજુ રાખેલ છે અને જે પરત આવ્યા બાબતનો રીટર્ન મેમો **આંક– ૧૩** થી રજુ રાખેલ છે. સદરહુ ચેક રીટર્ન થતા **આંક– ૧૪** વાળી નોટીસ આરોપીને રજી.એ.ડી. થી મોકલેલ છે. આમ, આરોપીને નોટીસ બજી ગયા બાદ પણ આરોપીએ કોઈ બચાવ લીધેલ નથી.આમ ઉપરોકત પુરાવો જોતા ધી નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટ કલમ –૧૩૯ તથા ૧૧૮ મુજબનું અનુમાન ફરીયાદપક્ષના તરફેણમાં છે અને આ અનુમાન આરોપી ધ્વારા કોઈપણ પુરાવો રજુ કરી ખંડન કરવામાં આવેલ નથી. તેમજ પ્રસ્તુત કેસની હકીકત અને સંજોગો ધ્યાને લેતા આ કામના આરોપીને ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ કલમ– ૧૩૮ ના ગુનામાં તકસીરવાન ઠરાવી મુદ્દા નં.૧ નો નિર્ણય "**હકારમાં**'' આપવામાં

આવે છે અને મુદ્દા નં.૨ અંગે ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

–:હુકમ:–

આ કામના આરોપી **પરમાર કોમલબેન અશ્વીનભાઈ** નાઓને **બી.એન.એસ.એસ. ની કલમ–૨૭૮(૨)** અન્વયે ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ કલમ–૧૩૮ ના મુજબના ગુના સબબ **તકસીરવાન** ઠરાવવામાં આવે છે અને બંને પક્ષે સજા અંગે સાંભળવા પર મુલતવી.

હુકમ આજરોજ તારીખ: ૧૩ મી , માહે: ઓગસ્ટ, સને: ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ: ૧૩/૦૮/૨૦૨૬
સ્થળ : ગાંધીનગર

(શ્રી વિનતી હીરાલાલ)
ત્રીજા એડી.જ્યુડી.મેજી.ફ.ક.,ગાંધીનગર.
યુઆઈડી : જીજે૦૧૫૫૦

:: સજા બાબતે સાંભળ્યા ::

(૧૬)... ફરીયાદીના વિ.વ.શ્રી હાજર છે જ્યારે આરોપી તરફે આરોપી કે તેમના વિ.વ.શ્રી હાજર નથી.

– ફરીયાદી તરફે વી.વ.શ્રી નાઓ જણાવે છે કે, આરોપીએ કાયદેસરના આપવાના થતા પૈસા ફરીયાદી ને પરત ન કરી ફરીયાદીને નુકશાન કરેલ છે અને ફરીયાદી હેરાન પણ થયેલા છે જેથી આરોપીને વધારેમા વધારે અને સખત કેદની સજા કરવા તથા ચેકની રકમથી બમણુ વળતર અપાવવા માટે દલીલ કરેલ છે.

– આ કામે આરોપીને નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ અન્વયે તકસીરવાન ઠરેલ છે ત્યારે આપણે જાણીયે છીએ તેમ દિન–પ્રતીદિન ચેક રીટર્નના કેશો વધતા જાય છે અને ગુનાઓમાં ઉત્તરોતર વધારો થતો જાય છે. જેથી નાણાકીય વ્યવહારોની વીશ્વશનીયતા જળવાય રહે તે આવસ્યક જણાઈ રહે છે આવા સંજોગોમા હવે જ્યારે આરોપીને સજા અંગેની વીચારણા કરવામા આવે ત્યારે આરોપીને એટલી હળવી સજા કરવી ન જોઈએ કે જેથી આરોપીને તેની ગંભીરતા સમજાય નહી પરંતુ આરોપીને પોતાના કૃત્યનો અહેસાસ થાય તે રીતે સજા થવી જોઈએ. એ પણ હકીકત છે કે, જે સંજોગોમા વ્યવહારોને ઉત્તેજન આપવામા આવી રહ્યુ છે તેવા સંજોગોમા આવા વ્યવહારોની વીશ્વશનીયતા જળવાઈ રહે તે જરૂરી છે પરંતુ આ પ્રકારના ગુનાઓનુ પ્રમાણ વધવા લાગતા વ્યક્તીઓને આ પ્રકારના વ્યવહાર પરથી વીશ્વાશ અને ભરોસો ઉઠી જાય તેવી સંભાવના રહેલી છે, તેથી જો આરોપીને માત્ર કેદની સજા ફરમાવવામાં આવે તો ફરીયાદીને ચેક વણચુકવાયેલ પરત કરેલ હોય તેનાથી થયેલ નુકશાન ભરપાય થઈ શકે નહી, અને તેથી ફરીયાદીને યોગ્ય ન્યાય મળી શકે તેમ ગણી શકાય નહી.

– વળી કાયદાના સ્થાપીત સીધ્ધાંત (સી.આર.પી.સી) અનુશાર આ અદાલતને હાલના ગુના સબબ વધુમા વધુ રૂ.૧૦,૦૦૦/– સુધી દંડ ફરમાવવાની સત્તા છે, પરંતુ નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ ની જોગવાઈ મુજબ ચેકના રકમની બમણી રકમ સુધીનો દંડ કવાની સત્તા આજ કાયદા દ્રારા આપવામાં આવેલ છે અને હાથ પરના કેશમા સવાલ વાળા ચેકની રકમ ઉપરોક્ત રકમ કરતા વધારે છે જેથી આરોપીને આ અદાલતને આપવામા આવેલી સત્તા અનુસાર સી.આર.પી.સી.માં દર્શાવેલ મહત્તમ રકમ મુજબનો દંડ ફરમાવવામા આવે અને તમામ રકમ ફરીયાદીને વળતર તરીકે ચુકવવાનો જો હુકમ ફરમાવવામા આવે તો પણ ફરીયાદીને ચેકની રકમ ચુકવાયેલ નહી હોવાથી થયેલ નુકશાનની નહીવત જેવી ભરપાઈ થયા બરાબર ગણાય જે સી.આર.પી.સી. ની કલમ–૩૫૭ ની જોગવાઈ અહી હાલના કેશમા ફરીયાદ પક્ષને વળતર મળે તેવો હુકમ થવો ન્યાયોચીત જણાય છે.

(૧૭).. વધુમા વળતર અંગે એપેક્ષ કોર્ટ હુકમ કરતા અગાઉ નામદાર અને વિવિધ ચુકાદામાં સ્થાપીત થયેલ સિધ્ધાંતો ધ્યાને લેવા જરૂરી જણાય છે. જેમા નામદાર શ્રી એપેક્ષકોર્ટે તાજેતરમા **Ankush Shivaji Gaikwad vs State Of Maharashtra** (2013) 6 **SCC** 770 ના ચુકાદામા તેમજ નામદાર શ્રી એપેક્ષકોર્ટે **Pankajbhai Nagjibhai Patel vs The State Of Gujarat** & **Anr** 2001 (2) **SCC** 595 ના ચુકાદામા નામદાર મે. એપેક્ષ કોર્ટે ઉપરોક્ત ચુકાદામા ફરીયાદીને સી.આર.પી.સી. ની કલમ ૩૫૭(૩) મુજબનુ વળતર ચુકવવા માટેની વીવરણ કરેલ છે જે હાથ પરના કીસ્સામા કરેલ ઓબર્ઝરવેશન ધ્યાને લેતા ફરીયાદીને તકરારી ચેકની રકમ સી.આર.પી.સી. કલમ ૩૫૭(૩) અન્વયે એરોપીએ ફરીયાદીને ચેકની રકમ જેટલુ વળતર ચુકવી આપવો તેવો હુકમ ફરમાવવામાં આવે તો તે ન્યાયીક અને ઉચીત ગણાશે. વળી, નામદાર સુપ્રીમ કોર્ટે "**Suganthi SureshKumer V/S Jagdeeshan, AIR** 2002 **SC** 681 ના ચુકાદામા એમ પણ ઠરાવેલ છે કે, જો આરોપી આ વળતરની રકમ ચુકવી આપવામા કશુર કરેતો અદાલત કેદની સજા ભોગવવાનો હુકમ પણ ફરમાવી શકે છે.

(૧૮).. વધુમાં આ કામે આરોપીએ કોર્ટના પ્રોસેસનો દુરૂપયોગ કરેલ છે જે રેકર્ડ જોતા સ્પષ્ટ જણાઈ આવે છે. આરોપી વારંવાર ગેરહોજર રહેલ છે અને આરોપીએ ક્યારેય હાજર રહેવાની કોઈ દરકાર લીધેલ નથી. આરોપીને હાજર નથી તેવા પ્રસંગે આરોપીની ગેરહાજરીમાં ચુકાદો જાહેર કરી સકાય કે કેમ? તથા સદર ચુકાદો ની કાયદેસરતા કેટલી તે જોવુ આવસ્યક છે જે અનુસંધાને મે.ગુજરાત વડી અદાલતનો ચુકાદો **Sharad Jethalal Savla VS State of Gujarat, 2017 3 GLR 2353** માં વીવરણ કરેલ છે કે,

- Para[25] However, the judgment that the learned Magistrate may pronounce in the absence of the accused by itself will not vitiate the judgment. Subsection (7) of Section 353 of the Cr.P.C. clearly lays down that no judgment delivered by any criminal court shall be deemed to be invalid by reason only of the absence of any party.

- Para[27] So, far as the second question is concerned, I am of the view that the trial Court committed no error in issuing a non bailable warrant of arrest having noticed that the accused was not present at the time of pronouncement of the judgment and order of conviction and sentence in view of the provisions of Section−418(2) of the Cr.P.C. Under Subsection(2) of Section−418 of the Cr.P.C., when the accused sentenced to imprisonment is not present in the Court, the Court has to issue a warrant of his arrest and the sentence shall commence on the date of his arrest. **I am of the view that the Magistrate had two options. He could have, before pronouncement of the judgment and order of conviction and sentence, enforced the attendance of the applicant accused in the Court or pronounce the judgment in the absence of the accused and issue warrant of arrest. The learned Magistrate thought fit to adopt the latter part of the procedure i.e. pronounced the judgment and thereafter, proceeded to issue a warrant under Section−418(2) of the Cr.P.C.** આમ, ઉપરોક્ત ચુકાદામા ચર્ચા કર્યા મુજબ તથા સી.આર.પી.સી. કલમ−૩૫૩(૭) ની જોગવાઈને ધ્યાને લઈ આરોપીની ગેરહાજરીમાં જાહેર કરેલ ચુકાદો ગેર કાયદેસર બનતો નથી. વધુમાં, નામદાર સુપ્રીમ કોર્ટે **R.Mohan V/S A.K. Vijaya Kumar** 2012 (2) **GLH** 668 (**SC**) ના ચુકાદામા નીચે મુજબ ઠરાવેલ છે કે, જો આરોપી વળતરની રકમ ચુકવે નહી તો પ્રસ્થાપીત ચુકાદા મા કસુર કરતો યોગ્ય સમયની કેદની સજા ભોગવવાનો હુકમ પણ ફરમાવી શકાય છે જે આ કીસ્સામા ઉચીત જણાય છે પરંતુ આરોપીને તેમના ઘરની તમામ

જવાબદારી આવેલ હોય તેમજ પ્રથમ ગુનો બનેલ હોય કેદની સજાને હળવાસ બનાવવુ ન્યાયી જણાતુ હોય ઉપરોક્ત તમામ ચર્ચા ધ્યાને લઈ અને તમામ સંજોગોને ધ્યાને લઈ ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

:: આ ખ રી હુ ક મ ::

૧).. **આ કામના આરોપી પરમાર કોમલબેન અશ્વીનભાઇ નાઓને** ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબના સજાને પાત્ર ગુનામાં **૧ વર્ષની સાદી કેદની સજા** ભોગવવી તેવો હુકમ કરવામાં આવે છે.

૨).. **બી.એન.એસ.એસ. કલમ–૩૯૬ (૩)** મુજબ તકરારી ચેકની રકમ રૂપિયા ૩,૦૦,૦૦૦/– **ફરિયાદ દાખલની તારીખથી ૬% વ્યાજ સાથે** વળતર પેટે ચુકવવાનો હુકમ કરવામાં આવે છે.

૩).. આ કામના આરોપીએ જે સજા ભોગવેલ હોય તો **બી.એન.એસ.એસ. કલમ–૪૬૮** મુજબ ભોગવેલ સજા મજરે આપવી.

૪).. આ હુકમની ખરી નકલ **બી.એન.એસ.એસ. કલમ–૪૦૪** અન્વયે આરોપી મળી આવ્યેથી આરોપીને તાત્કાલીક વિના મુલ્યે પુરી પાડવી.

૫).. આ કામે આરોપી તરફે જો કોઈ જામીન રજુ કરવામાં આવેલ હોય તો તે રદ કરવામાં આવે છે અથવા જો આરોપી તરફે રોકડ રકમ જામીન રજુ કરેલ હોય તો તેનો મુચરકો રદ કરી સદર જામીનગીરી અનામત પેટે મુકેલ રકમ સરકાર ખાતે દંડ તરીકે જમા કરવાનો હુકમ કરવામાં આવે છે તથા આરોપી સામે ફરતુ પકડ વોરંટ ઈસ્યુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

– હુકમ આજરોજ તારીખ : ૧૩ મી , માહે : ઓગસ્ટ , સને : ૨૦૨ ૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૧૩/૦૮/૨૦૨૬

સ્થળ : ગાંધીનગર.

(શ્રી વિનતી હિરાલાલ)

ત્રીજા એડી.જ્યુડી.મેજી.ફ.ક., ગાંધીનગર.

યુઆઈડી : જીજે૦૧૫૫૦